ખેડબ્રહ્મા અને ઈડરના બોગસ શિક્ષક ભરતી કૌભાંડ બાદ અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાની

ગઢા હાઈસ્કુલમાં પણ બોગસ શિક્ષક ભરતી કૌભાંડ ઝડપાતા ખડભળાટ

ખોટા દસ્તાવેજો, બનાવટી સહીઓ કરી નોકરી મેળવનાર શિક્ષકો અને સંચાલક સહિત ૮ વિરૂધ્ધ ફરીયાદ

મોડાસા, તા.૧૬

છેલ્લા કેટલાય દિવસ થી સાબરકાંઠા જીલ્લા ના ખેડબ્રહ્મા તાલુકા ની અને ઈડર ની હાઈસ્કુલ ના શિક્ષકો ની બોગસ ભરતી નો મામલો ચર્ચા ના ચગડોળે છે અને સમગ્ર શિક્ષક આલમ માં હાલ આજ વાત ને લઈ ને ચર્ચાઓ ચાલી રહી છે અને ગઈકાલે જ ૩૪ જણા વિરૂધ્ધ ફરીયાદ નોધાતા ખળભળાટ મચી ગયો હતો ત્યારે સાબરકાંઠા જીલ્લા માં થી વિભાજન થયેલ અરવલ્લી જીલ્લા ના મોડાસા તાલુકાની ગઢા હાઈસ્કુલ માં બોગસ શિક્ષક ભરતી કૌભાડ બહાર આવતા આજે મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન ખાતે સંચાલક હને શિક્ષકો સહીત આઠ જણા વિરૂધ્ધ ફરીયાદ નોધાતા અરવલ્લી જીલ્લા ના શિક્ષણ આલમ માં પણ ભુકંપ સર્જાયો હતો

સમગ્ર ગુજરાત રાજય માં શિક્ષણ ક્ષેત્રે સાબરકાંઠા જીલ્લા ની છાપ અતી ખરાબ છે ગઈકાલે સા.કા જીલ્લા ના ઈર અને ખેડબ્રહ્મા તાલુકાની ૪ શાળાઓ ના ૩૪ જેટલા શિક્ષક સહાયકો ની ખોટી ભરતી કરી ખોટા દસ્તાવેજો ને સાચા દસ્તાવેજો તરીકે રજુ કરી કૌભા કર્યુ હતુ સમગ્ર કૌભાડ નો પર્દાફાશ થતા મદદનીશ કમીશ્નર શાળાઓ ની કચેરી ગાંધીનગરે આજે મોડાસા ટાઉન પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવતા શિક્ષણ આલમમાં ચકચાર મચી ગયો છે અને જીલલા શિક્ષણાધીકારી કચેરી માં પણ આ કૌભાડ બહાર આવતા સોપો પડી ગયો છે.

મોડાસા તાલુકા ની સર્વોદય વિનય મંદિર હાઈસ્કુલ માં આચાર્ય શિક્ષણ સહાયક અને વહિવટી સહાયક ની ખોટી ભરતી કરાઈ હોવાના કરાણે મદદનીશ નિયામક કમિશ્નર શાળાઓ ની કચેરી ધ્વારા મોડાસા રૂરલ પોલીસ સ્ટેશન ફરીયાદ નોધાવામાં આવી છે કે આ શાળા ના સંચાલક ધ્વારા આ શાળા માં જીલ્લા શિક્ષણાધિકારી ધ્વારા ભરતી કરવાની હોઈ તેની ઝગયાહે પોતે જ પોતાના લાગતા વળવતા ઓ જો થી રૂપીયા લઈ ને જાતે ખોટા દસ્તાવેજો અને બનાવટી સહીઓ કરી અને ઠરાવો કરી શાળા માં આચાર્ય શિક્ષણ સહાયક અને વહિવટી સહાયક ની બોગસ ચરથી કરી ને સરકાર ની તીજોરી માં થી ગેરકાયદેસર પગાર અને ભથ્થા મેળવી ગુનો કર્યો છે.

કોની કોની સામે ફરીયાદ નોધાઈ

(૧) સંચાલક સર્વોદય વિનય મંદિર ઉ.બુ શાળા
(૨) પટેલ સુનીલ કુમાર પુંજાભાઈ (આચાર્ય)
(૩) પટેલ પુષ્પાબેન પરસોત્તમદાસ(શિ.સહાયક)
(૪) પટેલ કમલેશકુમાર ઈશ્વરભાઈ(શિ.સહાયક)
(૫) પટેલ જયશ્રીબેન બળદેવભાઈ (શિ.સહાયક)
(૬) પટેલ મહેશ કુમાર ઈશ્વરભાઈ (શિ.સહાયક)
(૭) પટેલ નિખીલકુમાર ઈશ્વરલાલ (વહી.સહાયક)
(૮) ચેનવા અમૃતભાઈ પ્રભુભાઈ (સાથી.સહાયક

જિલ્લા શિક્ષણ અધિકારી કચેરીની સંડોવણીની આશંકા

સામાન્ય રીતે કોઈપણ શાળામાં શિક્ષકો, કલાર્ક તથા અન્ય કર્મચારીઓની ભરતી કરવા માટેની મંજુરી જીલ્લા શિક્ષણાધીકારીની કચેરીમાંથી મંજુરી આપવામાં આવે છે. ત્યારે મોડાસા તાલુકાની ગઢા ખાતે આવેલ સર્વોદય વિનય મંદિર હાઈસ્કુલમાં જે શિક્ષણ સહાયક, આચાર્ય અને વહીવટી સહાયકની ભરતી કરવાની મંજુરી આપવામાં આવે છે ત્યારે આ કૌભાડમાં જીલલા શિક્ષણાધિકારી કચેરીના કર્મચારીઓની સંડોવણી હોવાનુ નકારી શકાય તેમ નથી જયારે તે સમયે ફરજ બજાવતા જેતે શિક્ષણ અધિકારી પર પણ સંકાની સોય તકાઈ રહી છે.

ગ્રાન્ટેબલ શાળાઓને નોન ગ્રાન્ટેબલ કરવાનુ કૌભાંડ

સાબરકાંઠા જીલ્લા ની અને અરવલ્લી જિલા ની કેટલીક શેક્ષણીક સંસ્થાઓ સરકાર ના અનુદાન થી ચાલે છે. પરંતુ તેમાં કેટલાક સમય થી અનુદાનની રકમ ઘટાડી દેવાઈ હોવાથી કેટલાક સંચાલકો શાળાઓ ને ગ્રાન્ટેબલ માં થી નોન ગ્રાન્ટેબલ કરવા માટે શિક્ષણાધિકારી કચેરી ના પગથીયા ઘસી ઘસી ને નાખ્યા છે જો શાળાઓ નોન ગ્રાન્ટેબલ હોય તો વિદ્યાર્થીઓ પાસે થી તગડ ફી ના નામે કરોડો રૂપીયા ખંખેરી શકાય જેથી એક જ વર્ષ માં કેટલી શાળાઓ નોન ગ્રાન્ટેબલ કરાઈ છે જો તેની વિજીલન્સ તપાસ થાય તો મસમોટુ કૌભાડ બહાર આવે તેમ છે.

સલાટપુર પાસે ટ્રિપલ અકસ્માતમાં એકનું મોત : બે ને ઈજાઓ

તાજપુર, તા. ૧૭

હરસોલ-દહેગામ હાઈ-વે પર સલાટપુર બસ સ્ટેન્ડ પાસે ગત સમી સાંજે લાકડા ભરેલા ટ્રેક્ટરના ચાલકની બેદરકારીના કારણે ટ્રેક્ટર, ટ્રેઈલર અને મારૂતિકાર વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં મારૂતિ કારમાં સવાર એક વ્યક્તિનું કરૂણ મોત થયું હતું, જયારે બે વ્યક્તિને ઈજાઓ થતા સારવાર અર્થે હોસ્પિટલ ખસેડવામાં આવ્યા હતા. આ અંગે પોલીસે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

હરસોલ-દહેગામ હાઈ-વે પર સલાટપુર આવેલ છે. જ્યા બસ સ્ટેન્ડ નજીક માર્ગ પર ગત રોજ ટ્રેક્ટર નં. જીજે-૯-એએફ-૩૭૭૨ નો ચાલક લાકડા ભરેલુ ટ્રેક્ટર પુરપાટ ઝડપે હંકારીને જઈ રહ્યો હતો. તે દરમિયાન આજ માર્ગ પર ચાલક વિરેન્દ્રકુમાર સોલંકી તેમના પરિવાર સાથે મારૂતિ ફ્રન્ટી કાર નં. જીજે-૪-ડી-૪૫૬૫ માં સવાર થઈ અમદાવાદ તરફ જઈ રહ્યા હતા. કાર ચાલકે માર્ગ પર આગળ ચાલતા ટ્રેક્ટરના ચાલકને સાઈડ આપવા સિગ્નલ આપ્યુ હતુ જેથી ટ્રેક્ટર ચાલકે પહેલા તો સાઈડ ન આપી બાદમાં સાઈડ આપવાનો ઈસારો કરતા કારચાલકે ઓવર ટેક કરતા ટ્રેક્ટર ચાલકે ટ્રેક્ટર માર્ગ વચ્ચે લાવી ઉભુ કરી દેતા કાર ટ્રેક્ટરની ટ્રોલી પાછળ ઘુસી ગઈ હતી. જોત જોતામાં પાછળ આવી રહેલ ટ્રેઈલર નં. જીજે-૧-યુ-૮૬૭૭ પણ કાર પાછળ ઘુસી જતા ટ્રિપલ અકસ્માત સર્જાયો હતો. આ અકસ્માત કાર ચાલકના પિતા બબાભાઈ ચમારનું ઘટના સ્થળે જ કરૂણ મોત નિપજ્યું હતું.

તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

અરવલ્લી જીલ્લાના ભિલોડા સમાજ સેવા ટ્રસ્ટ સંચાલિત અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલમાં રાજ્ય કક્ષાનો ખેલમહાકુંભ કાર્યક્રમનો ઉદ્ઘાટન સમારંભ યોજાયો. રમત-ગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ વિભાગ, ગાંધીનગર અંતર્ગત સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત, ગાંધીનગર આયોજીત જીલ્લા રમત-ગમત અધિકારીની કચેરી અરવલ્લી સંચાલિત રાજ્ય કક્ષાએ ખેલ મહાકુંભ બહેનોની યોગાસન સ્પર્ધા અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ, ભિલોડા મુકામે ખુલ્લી મુંકાઈ હતી. ઉદ્ઘાટક તરીકે અરવલ્લી જીલ્લા કલેક્ટર બી.જે.ભટ્ટ ઉપસ્થિત રહી ખેલાડીઓને આશીર્વચન આપી રાષ્ટ્ર કક્ષાએ મેડલ માટે શુભેચ્છા પાઠવી હતી. ખેલ મહાકુંભ સ્પર્ધામાં અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલના સંચાલક કિર્તીભાઈ બારોટ, ડાયરેક્ટર આર.જે.જાડેજા, લકુલેશ યોગ યુનિવર્સીટી, નયનાબેન બારોટ, ભિલોડા ગ્રામ પંચાયત સરપંચ મનોજભાઈ પટેલ, આચાર્ય ડૉ.ટી.કે.પરમાર અક્ષર ઈન્ટરનેશનલ સ્કુલ વિગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. યોગાસનની સ્પર્ધા ૫ જુદા-જુદા વયગ્રૂપમાં યોજાનાર છે. જેમાં પ્રથમ દિવસે વયગ્રૂપ અંડર-૧૬ માં કુલ ૩૦ જીલ્લાઓના ખેલાડીઓએ ભાગ લીધો હતો. વિશ્વ કક્ષાએ યોગની સ્પર્ધામાં વિશિષ્ટ સિધ્ધી મેળવનારી જુનાગઢની ટીમે યોગ નિદર્શન કરી સૌને મંત્રમુગ્ધ કરી સૌને આકર્ષીત કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સંચાલન જીલ્લા રમત-ગમત કચેરી, અરવલ્લી મદદનીશ કાર્યક્રમ અધિકારી રાજેશભાઈ ગામેતી, પ્રો.કો.ઓ.સુખદેવભાઈ પટેલ, ડૉ.વનરાજભાઈ ડામોર, રાજેન્દ્રસિંહ ચૌહાણ, કન્વીનર ખેલ મહાકુંભ કમલેશભાઈ જોષી, ડૉ.અમિતભાઈ ભટ્ટ, મિત્તલબેન બરંડાએ કાર્યક્રમને સફળ બનાવવા ભારે જહેમત ઉઠાવી હતી.

પાલનપુરમાં રાષ્ટ્રીય પ્રેસ દિવસની ઉજવણી કરાઈ

પાલનપુર, તા. ૧૭

બનાસકાંઠા જિલ્લાના પાલનપુર મુકામે ગુજરાત ્રેસ અકાદમી ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી પાલનપુરના સંયુક્ત ઉપક્રમે રાષ્ટ્રીય ્રેસ ડે ની ઉજવણી -સંગે સાર્વજનિક બાબતોમાં પારદર્શકતા-અખબારોની ભૂમિકા વિષયક પરિસંવાદ યોજાયો હતો. આ -સંગે બનાસકાંઠા જિલ્લાના પત્રકાર મિત્રો સારી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

-સંગીક -વચન કરતાં અગ્રણી સામાજીક કાર્યકર અને જી.ડી. મોદી કોલેજ પાલનપુરના ભૂતપૂર્વ ્રોફેસર ડૉ.રાજુલ દેસાઈએ મિડીયાની સરાહના કરતાં જણાવ્યુ હતુ કે લોકોમાં જાગૃતિ વધારવા અને વિકાસ માટે મિડીયા બહુ મહત્વનું યોગદન આપે છે. તેમણે કહ્યુ કે મિડીયા લોકોને નવી જાણકારી અને માહિતી આપે છે. તેમણે મિડીયાના મિત્રોને અનુરોધ કરતાં જણાવ્યુ કે લોકોના હિત અને કલ્યાણ તથા સુખાકારી માટે સંવેદનશીલ બની ઉત્સાહપૂર્વક કાર્ય કરી શ્રેષ્ઠ સમાજસેવા કરીએ.

માહિતી ખાતાના નિવૃત્ત અધિકારી અને સારી લેખન સજ્જતા ધરાવતા શ્રી ભરતભાઈ રાવલે જણાવ્યુ હતુ કે મિડીયા બહુ જ -ાચીન સમયથી વિવિધ સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે. તેમણે કહ્યુ કે સમાજમાં આમુલ પરિવર્તન આણવાનું કાર્ય મિડીયા જ સરસ રીતે કરી શકે છે.

અગ્રણી સામાજીક કાર્યકર અને પત્રકારશ્રી ગણપતભાઈ જોષીએ જણાવ્યુ હતુ કે પત્રકારત્વનું ક્ષેત્ર બહુ વિશાળ અને વ્યાપક છે.તેમણે કહ્યુ કે વ્યક્તિગત ગમા-અણગમા કે માન્યતાઓને બાજુએ મુકીને તટસ્થતાપૂર્વક મિડીયામાં કામ કરીને લોકોની ઘણી સારી સેવા કરી શકાય છે. તેમણે કહ્યુ કે લોકોની મુશ્કેલીઓના નિવારણ માટે કે ક્યાંય ખોટુ થતુ હોય ત્યારે સત્ય અને તટસ્થતા જાળવી કાળજીપૂર્વક અખબારી ધર્મ બજાવી સમાજની સેવા કરીએ.

સંપૂર્ણ ન્યુઝ ટી.વી. ચેનલના મેનેજીંગ ડિરેક્ટરશ્રી રશ્મિકાન્ત મંડોરાએ -સંગીક -વચન કરતાં જણાવ્યુ હતુ કે જાગ્રત અને આદર્શ, સુખમય સમાજના નિર્માણમાં મિડીયાની ભૂમિકા સવિશેષ હોય છે.

નાયબ મહિતી નિયામક શ્રીમતિ કાન્તાબેન પટેલે સ્વાગત -વચન કરતાં પરિસંવાદનો હેતુ જણાવ્યો હતો. આ -સંગે પત્રકારમિત્રો સાથે ચર્ચા પણ કરવામાં આવી હતી.

ઘણા પત્રકારભાઈઓએ પોતાના -તિભાવ વ્યક્ત કર્યા હતા. કાર્યક્રમના અંતમાં આભારવિધિ માહિતી અધિકારીશ્રી માનસિંહ સિસોદીયાએ કરી હતી. જયારે સંચાલન માહિતી મદદનીશ શ્રી રેસુંગ ચૌહાણે કર્યુ હતુ. કાર્યક્રમમાં સારી સંખ્યામાં જિલ્લાના પત્રકાર ભાઈઓ તથા માહિતી કચેરી પાલનપુરના સ્ટાફમિત્રો ઉપસ્થિત રહ્યા હતાં.

(તસવીર : હરેશ જોષી, પાલનપુર)

તસ્વીર : જીત ત્રિવેદી, ભિલોડા

ભિલોડામાં મગફળી અને કપાસનો પાક ટેકાના ભાવ મુજબ ખરીદ કેન્દ્રો ચાલુ કરવા ખેડૂતોની માંગણી

ભિલોડા, તા. ૧૭

અરવલ્લી જીલ્લાના ભિલોડામાં મગફળી અને કપાસનો પાક ટેકાના ભાવ મુજબ ખરીદ કેન્દ્રો ચાલું કરવા ખેડુતોને માંગણી. ભારતીય કિશાન સંઘ ધ્વારા ભિલોડા મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર રમણભાઈ વણકરને આવેદન પત્ર અપાયુ હતું. આ વર્ષે ચોમાસા દરમ્યાન કપાસ અને મગફળીના પાકોમાં ખેડુતોને મોટા પાયે નુકશાન થયેલ હોવાના કારણે ખેડુતોની આર્થિક કમર તુટી ગઈ છે. કપાસ અને મગફળીના પાકો ટેકાના ભાવે ખરીદી કરવામાં આવી રહ્યા છે પરંતુ ભાવો ખુબ જ નીચા હોવાના કારણે ખેડુતોને આર્થિક રીતે ખુબ જ નુકશાન થઈ રહ્યું છે. જેની સામે ઉત્પાદન મેળવવા પાક પાછળ કરેલો ખર્ચાઓનો આંકડો મળતો ન હોવાના કારણે ખેડુતોને આર્થિક રીતે નુકશાની સહન કરવાનો વારો આવ્યો છે.

સરકાર આ વર્ષે કૃષિ વર્ષ તરીકે ઉજવણી કરી રહી છે ત્યારે ખેડુતોનો પાક અત્યારે પાણીના ભાવે વેચાઈ રહ્યો હોઈ ટેકાના ભાવોમાં વધારો કરી ખેડુતોને પોષણક્ષમ ભાવો મળી રહે તે માટે ભિલોડા નાયબ મામલતદાર રમણભાઈ વણકરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું. ભિલોડા ભારતીય કિશાન સંઘ પ્રમુખ શાંમળભાઈ પટેલ, ડી.બી.ડામોર, જાગૃત ખેડુતોના જણાવ્યા મુજબ (૧) કપાસમાં રૂા.૧૨૦૦/-થી ખરીદી કરવી. (૨) મગફળીમાં રૂા.૮૦૦/- થી રૂા.૧૦૦૦/- સુધીનો ભાવથી ખરીદી કરવી (૩) ખરીદ કેન્દ્રો પર માલની ખરીદી દરમ્યાન યોગ્ય સ્ટાફની ભરતીમાં વધારો કરવો. (૪) ખરીદ કેન્દ્રોમાં આવેલ તમામ માલની ખરીદી કરવી. (૫) બાકી રહેલા તમામ તાલુકાઓમાં ખરીદ કેન્દ્રો તાત્કાલીક ધોરણે શરૂ કરવા ખેડુતોની પ્રબળ લોકમાંગણી છે. ખેડુતોની માંગણીને સત્વરે નહી સંતોષાય તો ખેડુતો ગાંધીચિંધ્યા માર્ગે આંદોલન કરશે તેવું રણશીંગુ ખેડુતો ધ્વારા આપવામાં આવેલ છે.

મહેસાણામાં રાષ્ટ્રીય પ્રેસ ડે ની ઉજવણી કરાઈ

મહેસાણા, તા. ૧૭

ગુજરાત પ્રેસ અકાદમી અને મહેસાણા જિલ્લા માહિતી કચેરીના સંયુક્ત ઉપક્રમે મહેસાણા સર્કિટહાઉસ ખાતે રાષ્ટ્રિય પ્રેસ દિનની ઉજવણી કરવામાં આવી હતી. આ પ્રસંગે એક પરિસંવાદનું આયોજન થયું હતું. જેમાં જિલ્લાના મુખ્ય સરકારી વકિલ ચંદનસિંહ રાજપુત અને એમ.એસ. ડબલ્યુ વિભાગ સાર્વજનિકના અધ્યક્ષ શ્રીમતિ કરાંનતીબેન ત્રિવેદીએ ઉપસ્થિત રહી સકારાત્મક અને જવાબદારી પૂર્ણ પત્રકારત્વ અખબારોની ભૂમિકા, સ્ત્રી ભ્રૂણ હત્યા, બાળ લગ્ન, વ્યસનમુક્તિ, કૂપોષણ જેવા મુદ્દાઓ પરત્વે મનનીય પ્રવચનો કર્યા હતો.

આ પ્રસંગે જિલ્લા માહિતી કચેરીના ઈન્ચાર્જ સહાયક માહિતી નિયામક દશરથસિંહ રાજપૂત, માહિતી અધિકારી નરેન્દ્રભાઈ પંડ્યા, કચેરીના ક્લાર્ક સુરેશભાઈ રાવળ, શારદાબેન ચૌધરી, કેમેરામેન રાજેશભાઈ સિદ્ધપુરા, પ્રિન્ટ અને ઈલેક્ટ્રોનિક મીડીયાના પત્રકારો, સામાહિકોના તંત્રીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

બોટાદ ખાતે પ્રેસ-ડે નિમિત્તે પરિસંવાદન યોજાયો

બોટાદ, તા. ૧૭

બોટાદ તા.૧૬/૧૧/૧૪ વિશ્રામાં ્રેસ દિન ઉજવવામાં આવ્યો છે. તેના ભાગરૂપે દેશમાં અને રાજયમાં ્રેસ દિનની ઉજવણી અંતર્ગત બોટાદ ખાતે ્રેસ- ડેની ઉજવણી નિમિતે ગુજરાત ્રેસ અકાદમી ગાંધીનગર અને જિલ્લા માહિતી કચેરી બોટાદના સંયુકત ઉપક્રમે રાષ્ટ્રીય ્રેસ દિનની ઉજવણી સંદર્ભે સાર્વજનિક બાબતોમાં પારદર્શકતા-અખબારોની ભૂમિકા વિષયે પરિસંવાદ યોજાયો.

આ પરિસંવાદ કાર્યક્રમનું બોટાદ -ંત અધિકારીશ્રી એન. એસ. હળબેએ સમારંભના અધ્યક્ષ સ્થાનેથી દીપ -ગટાવી જણાવ્યુ હતું કે આજના આધુનિક અને ઝડપી યુગમાં પત્રકારોએ સરકાર અને -જા વચ્ચે સેતુરૂપ ભૂમિકા અદા કરવાની હોય છે.

આ -સંગને અનુરૂપ ્રેસ-ડે નિમિતે યોજાયેલ પરિસંવાદમાં ચાવીરૂપ ઉદબોધન કરતાં માહિતી ખાતાના રાજકોટ ખાતેના ભૂતપૂર્વ વિભાગીય નિયામકશ્રી ભૂપેન્દ્રભાઈ દવેએ જણાવ્યું હતું કે કેન્દ્ર અને રાજય સરકારની -જાલક્ષી યોજનાઓની સાચી જાણકારી લોકોને આપીને તેને તેનો લાભ અપાવવો એ જ સાચા પત્રકારોનો ધર્મ છે.

આ સમારંભમાં શરૂઆતમાં સ્વાગત -વચન બોટાદ જિલ્લા માહિતી અધિકારીશ્રી અનિલ બારોટે કર્યુ હતું અને અંતમાં આભાર વિધિ શ્રી દિપક પંડયાએ કરી હતી. તેમજ કાર્યક્રમનુ સંચાલન ડો. બેલાબેને સંચાલન કર્યુ હતું. આ કાર્યક્રમમાં બોટાદ જિલ્લાના પત્રકારો બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

આપના શહેરમાં ૧૦૦૦ સ્કે. ફીટનો એ.સી. શો-રૂમ જેમાં છે...

સિરામિક વોલ ટાઈલ્સ ● વીટ્રીફાઈડ ટાઈલ્સ ● સિરામિક ફ્લોર ટાઈલ્સ ● એક્વાઆર્ટ ● વોલ ક્લેડીંગ ● માર્બલ સ્ટોન અને ક્વાર્ટઝ્ તેમજ વિવિધ પેટર્ન્સ અને કોમ્બીનેશન્સની વિશાળ શ્રેણી

એક્સક્લુસિવ શો-રૂમ
AGL Radhe
TILES WORLD ENTERPRISE

પહેલે માળ, ૧૦૧, ૧૦૨, ૧૦૩, જય યોગેશ્વર કોમ્પલેક્સ, સિટી પલ્સ સિનેમા પાસે, ફુડાસણ બસ સ્ટોપની સામે, ગાંધીનગર - કોબા હાઈવે, ગાંધીનગર. મોબાઈલ : ૯૪૨૬૫ ૧૩૬૦૧

ટાટા મોટર્સની ઓથોરાઈઝ ડીલર
મોર્ડન મોટર્સ
ગુજરાત સરકાર માન્ય
ISO-9001:2008 COMPANY
સુવિધાઓ...
(૧) કોમ્પ્યુટરાઈઝ્ડ વ્હીલ એલાયમેન્ટ બેલેન્સીંગ
(૨) સર્વિસ ગ્રીસીંગ
(૩) મીકેનીકલ રીપેરીંગ
(૪) ઓટો ઈલેક્ટ્રીકલ કામ
(૫) બોડી-કલર કામ (૬) જેન્યુન સ્પેર પાર્ટ
(૭) ટાટા કંપનીના તમામ વાહનોનું રીપેરીંગ કામ સંતોષકારક કરી આપનાર
ઓથોરાઈઝ્ડ ડીલર : બ્રીજસ્ટોન, જે.કે. ટાયર-ટ્યુબ, એક્સાઈડ બેટરી, હીન્દુસ્તાન મોટર્સ લી.
ઓથોરાઈઝ્ડ સર્વિસ ડીલર
TATA
ઓથોરાઈઝ્ડ ડીલર
Castrol
EXIDE INDUSTRIES LIMITED
BRIDGESTONE PASSION for EXCELLENCE
JK TYRE
પ્લોટ નં. ૪૦૩, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, કામા મોટર્સની બાજુમાં, ગાંધીનગર-૩૮૨ ૦૨૮
ફોન. : (ઓ) ૦૭૯-૨૩૨૧૧૪૮૫, ફેક્સ : (૦૭૯) ૨૩૨૧૨૬૪૦
મો. : ૯૮૨૫૨ ૬૨૨૯૧, ૯૯૦૪૦ ૪૪૭૦૦